# ચૈત્રી નવરાત્રી ઉત્સવ

ચૈત્ર સુદ પડવો એટલે ગુડી પડવો શાલિવાહન શક 1948નો પ્રારંભ દિવસ. નવરાત્રી ઘટસ્થાપના ગુરુવારે 19-3-26ના દિવસે થશે અને નવરાત્રી દેવી ઉત્સવ ઉજવણી ચાલુ થશે. જગત માતા મહાદેવી ભદ્રકાલી સાથે નવદુર્ગા દેવીઓનો પાવન પવિત્ર મહોત્સવ પ્રારંભ થતાં જ જયમહાકાલી, જય માતાજીનું ગુંજન શરૂ થાય છે. દેવી મંદિરોમાં શ્રી સપ્તશતી ચંડીપાઠનું વાંચન, સ્મરણ, મનન સાથે હોમ-યજ્ઞ અને દેવી સ્તુતિનો લલકાર નિનાદે છે. ચૈત્ર માસ દેવી ભક્તોનો માસ છે.

શ્રી નવદુર્ગા માતાજીની દેવી પ્રાર્થના ભક્તોના હિતમાં અને સુખસમૃદ્ધિ માટે ઘણી અસરકારક છે. જેનું સ્તવન કરવું તે હિતકારક છે. જે જીવને સમૃદ્ધ, વૈભવી અને સમાધાની બનાવે છે.


પ્રાર્થનાઃ

**નમસ્તે જગનમાતે પધારો, દુઃખમુકત કરો મને,**
**તને મને સંપૂર્ણપણે, ભાવ વંદન કરું તને,**
**શરણગાત હું મહાપાયે, ભદ્રકાલી કૃપા કરો,**
**ષટગુણી, ભાગ્યશાળી, તમારો ભકત મને કરો,**
**ધર્મવાન, યશવાન, જ્ઞાન વૈરાગ્યવાન મને કરો,**
**હે કૃપાળુ મા ભગવતી નિષ્ઠાવાન ભકત મને કરો.**

આ પ્રાર્થનાથી દેવીમાની કૃપા અક્ષયરૂપે મળતી રહે છે. આ નવરાત્રી ઉત્સવમાં નિત્ય ભગવતી દર્શનમાં સુખનો પ્રકાશ દેખાય છે. જીવન શાંતિમય બને છે.

નવરાત્રી-ઉત્સવ દરમિયાન રોજનાં પારણાં કે ઉપવાસ કરો તો સારું છે પણ ન કરો તો નિત્ય દર્શન અને સંપુટ મંત્રો બોલવાનું ભૂલશો નહીં.

સવારે ઊઠો ત્યારે- પોતાના બંને હથેળીને જોઈને બોલો.



**કરાગ્રે વસતે લક્ષ્મી,**
**કરમધ્યે સરસ્વતી।**
**કરમૂલે તુ ગોવિંદઃ,**
**પ્રભાતે કરદર્શનમ્ ।**

સવારે ભૂમિ પર પગ મૂકતા પહેલાં બોલશો।
**સમુદ્ર વસને દેવી, પર્વતસ્તન મંડલે।**
**વિષ્ણુ પત્ની. નમસ્તુભ્યં, પાદસ્પર્શ ક્ષમસ્વમે॥**
**વિપત્તિ નાશ માટે શરણાગત દીનાર્ત પરિત્રાણ પરાયણે,**
**સર્વસ્યાર્તિહરે દેવિ, નારાયણી નમોસ્તુતે।**

**ભયનાશ માટે - સર્વસ્વરૂપે સર્વેશે સર્વશક્તિ સમન્વિતે।**
**ભયેભ્યાસ્ત્રાહિનો દેવિ દુર્ગે દેવી નમોસ્તુતે ।**

આરોગ્ય તથા સૌભાગ્ય પ્રાપ્તિ માટે -
**દેહિ સૌભાગ્યમારોગ્યં દેહિ દેવી પરં સુખં ।**
**રૂપં દેહિ જયં દેહિ યશો દેહિ દ્વિષો જહિ ॥**

**સમજદાર અને શીલવતી પત્નીની પ્રાપ્તિ માટે.**
**પત્ની મનોરમા દેહિ મનોવૃત્તાનુસારિણીમ ।**
**તારિણી દુર્ગસંસાર સાગરસ્ય કુલોદભવામ ।**

સર્વ પ્રકારના કલ્યાર્થે-
**સર્વ મંગલ માંગલ્યે શિવે- સર્વાર્થ સાધિકે ।**
**શરણ્યે ત્ર્યમ્બકે ગૌરી નારાયણિ નમોસ્તુતે ।**

આ ઉપરોકત પાચં મંત્રો શુદ્ધ ચરણ, સત્ય અને શાંતિદાયક છે. સતત સ્મરણ માટે મનોમંત્ર
**ૐ ઐં હ્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચૈ.**

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

ચૈત્રી નવરાત્રી ઉત્સવનું બીજું નોરતું ચૈત્ર સુદ બીજ તા.20-03-2026 શુક્રવારે છે અને દેવી બ્રહ્મચારિણીનું પૂજન થાય છે. બ્રહ્મચારણીયૈનમઃ મંત્રોચ્ચાર છે.

ત્રીજું નોરતું શનિવારે 21-03-2026 ગૌરી તૃતીયા, મનોરથ ત્રીજ અને મસ્ય જયંતી છે. દેવી ચંદ્રઘંટાનું પૂજન થાય છે. ૐ દેવી ચંદ્ર ઘંટાયૈનમઃ મંત્રોચ્ચાર કરવો અને રવિવાર તા. 22-03-2026ના દિવસે ચોથું નોરતું આવે છે. ત્યારે દેવી કુષ્માંડાનું પૂજન થાય છે. આ પવિત્ર દિવસે શ્રી ગણપતિ મહારાજની વિનાયક ચોથ છે.

ૐ ગં ગણપતે નમઃ નો 21 વખત જપ કરવો અને પછી દેવી કુષ્માંડાનું ધ્યાન ધરવું.આવતા સોમવારે તા. 23-03-2026 શ્રી પાંચમ અને પાંચમું નોરતું છે તે વિષયે આવતા અંકે પ્રસ્તુતિ થશે. નવરાત્રી સમય દરમિયાન અષ્ટલક્ષ્મીનું સ્મરણ પુણ્યકર્મ છે. 1. ધનલક્ષ્મી 2. અધિલક્ષ્મી 3. ધાન્યલક્ષ્મી 4. વીરલક્ષ્મી 5. જયાલક્ષ્મી 6. સંતાન લક્ષ્મી 7. વિજયાલક્ષ્મી 8. શ્રમલક્ષ્મી.

> **લક્ષ્મી નામોનું સ્મરણ કરવાથી ષડરિપુ-કામ-ક્રોધ, મદ, મત્સર, લોભ અને ગર્વથી જીવન ભયમુકત બને છે. દેવી માતાના સાડાત્રણ શક્તિપીઠો છે તેની યાત્રા કરવી પણ દેવીવ્રત કરવા જેવું છે**

ઉપરોકત લક્ષ્મી નામોનું સ્મરણ કરવાથી ષડરિપુ-કામ-ક્રોધ, મદ, મત્સર, લોભ અને ગર્વથી જીવન ભયમુકત બને છે. દેવી માતાના સાડાત્રણ શક્તિપીઠો છે તેની યાત્રા કરવી પણ દેવીવ્રત કરવા જેવું છે. તુળજાપુર (ભવાનીમા) કોલ્હાપુર (મહાલક્ષ્મી) અને યાહૂર ગંડની દેવી આ ત્રણ પૂર્ણ પીઠો છે. અષ્ટદશભૂજા દેવી સપ્તશૃંગી વણીની દેવી અર્ધપીઠ છે. આ બધાં શક્તિપીઠો મહારાષ્ટ્રમાં છે.

# સુદામા ચરિત્ર

સુદામા અને શ્રીકૃષ્ણના મૈત્રીપૂર્ણ સંવાદની વાતો આગળ વધારીએ. સુદામા કૃષ્ણને પૂછે છે મિત્ર, તું પરણ્યો કે નહીં? હા. અહીં 7-8 દેખાય છે. બધાય સાથે? 8 તો અહીં છે. કાળજું કઠણ રાખજે. 16,108 છે. સૌ પોતપોતાના મહેલમાં છે. સુદામાનું હૃદય બે ધબકારા ચૂકી ગયું. 16108! મારે તો એકનું ય પૂરુ થતું નથી. બાળ સખા સાથે સંસ્મરણો વાગોળતાં કૃષ્ણ કહે છે, મિત્ર, નાનપણથી તને રમવાની ટેવ નહીં. હું તને પરાણે રમવા લઈ જતો. તને યાદ છે એક દિવસ આપણે દર્ભ, સમિધ લેવા ગયેલા, વરસાદ પડેલો, આપણે આખી રાત એક ઝાડ પર બેસી રહેલા. તે દિવસે સુદામા પાસે ગુરુપત્નીએ આપેલા થોડા ચણા હતા. સુદામા તે ખાતા હતા. ખાવાનો અવાજ સાંભળી કૃષ્ણે પૂછ્યું મિત્ર, તું શું ખાય છે? સુદામાએ વિચાર્યું કે ચણા ખાઉં છું એમ કહીશ તો થોડા આપવા પડશે એટલે કહ્યું હું કાંઇ ખાતો નથી. આ તો ઠંડીને લીધે દાંત કડકડ થાય છે. સુદામા ખોટું બોલ્યા, જે એકલો ખાય છે તે દરિદ્ર થાય છે તેથી સુદામા દરિદ્ર થયા. સંવાદ આગળ ચાલે છે. કૃષ્ણ કહે છે સુદામા તારા જેવા બ્રાહ્મણોના આશીર્વાદથી બધા કુશળ છીએ. હું તને ઓળખાણ કરાવું અને બધાંને પગે લગાડાવું. તું આશીર્વાદ આપ. રુક્મણિ આવ્યા. ખોળો પાથરી વંદન કર્યા. આ ભીષ્મપુત્રી, આ સત્યભામા, આ જાંબવતી, આ સત્યા, આ કાલિંદી. બધાએ આવીને વંદન કર્યા. સુદામાએ આશીર્વાદ આપ્યા. સદીઓ પહેલાંનો નાતો અને એક જ મુઠ્ઠી ચેવડો લઇને આવેલો સુદામો. સ્વાભાવિક છે કે આટલી દોમદોમ સાહ્યબી જોઇને એ આપતા શરમ આવે, સંકોચ થાય. શ્રીકૃષ્ણ સ્નેહપૂર્વક પેલી પૌંઆની પોટલી આંચકી લે. સુદામા છુપાવે જ ને કે આ સૂકામેવા ને છપ્પન ભોગ આરોગે તેને પૌંઆ ક્યાં ખવડાવું? સંકોચ થાય ને. ભગવાન સુદામાદેવના સંકોચને સમજી ગયા. પોટલી આંચકી લીધી. સુદામા શું લાવ્યો? દેખાડ તો ખરો. મને કેમ આપતો નથી? મારી ભાભીમાએ મારા માટે જરૂર કંઇ મોકલાવ્યું લાગે છે. ભગવાને પોટલી ઝોંટી લીધી. જ્યાં પોટલીની ગાંઠો ભગવાન ખોલે છે બધી પટરાણી માથે આવીને નીચી વળીને ઉત્સુકતાથી જુએ છે. બહેનોમાં આમે ય



ઉત્સુકતા બહુ હોય. ભગવાન કહે- તમારે જોવું છે? જુઓ. ગઠરીની ગાંઠો ખોલે છે ભગવાન. ગઠરીની ગાંઠ નહીં, સુદામાના ભવબંધનને ભગવાન ખોલી રહ્યા હતા. 1-1 મુઠ્ઠી લેવાની હારે ઠાલવતો હતો. ઢગલા ને ઢગલા. દેતો તો સુદામાને. અનેક જન્મનું દારિદ્રય મટી ગયું. પ્રભુએ પૌંઆ જોયા ને પૌંઆને જોતાંની સાથે 3 ઘટના ઘટી. (૧) પટરાણીઓ હસી પડી. (૨) સુદામા નતમસ્તક થઇ ગયા. (૩) શ્રીકૃષ્ણ પૌંઆ હાથમાં લઇ રડી પડ્યા. પટરાણીઓ હસીને કહે, 'લો આ પૌંઆ લાવ્યો.' પણ કૃષ્ણને રડતાં જોઇને પટરાણીઓ ગંભીર થઇ. એમને થયું મિત્રના દુઃખને જોઇને રડે છે. પણ ના, આ આંસુ એનાં ન હતાં. હાથમાં પૌંઆ લઇ આંખમાં આંસુ સાથે કૃષ્ણ બોલ્યા 'મિત્ર, તું પૌંઆ લાવ્યો. પૌંઆને જોઇ મને મારી મા યશોદા યાદ આવી ગઇ. ગોકુળમાં હતો ને મા જશોદા ગંગી ગાયના દૂધમાં પૌંઆ પલાળી, ચંદ્રમાની ચાંદનીમાં શીતળ કરી તુલસીપત્ર પધરાવી, મને ખોળવામાં બેસાડી મા એના હાથે દૂધપૌંઆ ખવડાવતી. ત્યાર પછી મેં પૌંઆ નથી ખાધા. આજે તું પૌંઆ લાવ્યો મને મારી મા જશોદાની યાદ આવી ગઇ. એ પૌંઆમાંથી થોડા હાથમાં લઇ ભગવાને એક મુઠ્ઠી પૌંઆ ખાધા અને પોતાના સમાન સમૃધ્ધિ આપી. બીજી મુઠ્ઠી ખાધી પોતાના કરતાં અધિક સમૃધ્ધિનું દાન કર્યું. ભૌતિક દારિદ્રય મટ્યું, બાકી તો નથી મૂકી. આ જશોદાનો જાયો તો નાનપણથી જ નટખટ ને તોફાની. જશોદાનો ખોળો ખૂંદતો હતો ત્યારથી તોફાની. એના તોફાને ગામને માથે લીધેલું. ગોકુળમાં સવાર પડે ને મંગલાચરણ ફરિયાદથી થાય. મંગલાદર્શન કરવા આવે ફરિયાદ લઇને. નાનપણમાં આવાં તોફાન કરે ને પછી મોટાં તોફાન કરે ને દેશનું નિર્માણ થાય. ગુરૂકુળમાં ય થોડાં તોફાન તો ચાલુ જ હોય ને. બંને મિત્રો એક રૂમમાં રહેતા હશે, બાજુ બાજુમાં સૂતાં હશે બધે હારે હારે જ જાય. ઉજ્જૈનમાં સાંદીપનિના આશ્રમમાંથી આ ભાઇબંધાય થઇ. હારે ભણતા ત્યાંથી સુદામો પાછો હકપૂર્વક ભાઇનું ભણવામાં ધ્યાન રાખતો. પરીક્ષા નજીક છે. શ્રીમદ્ ભાગવત અનુસાર તો 64 દિવસમાં જ બધી કલાઓ વિદ્યાઓ પ્રભુએ પ્રાપ્ત કરી લીધી. કારણ? જે પોતે જ જ્ઞાન સ્વરૂપ છે એણે શું ભણવાનું. પ્રભુ તો લીલા કરે છે. તુલસીજી પણ લખે છે.

> **પટરાણીઓ હસીને કહે, 'લો આ પૌંઆ લાવ્યો.' પણ કૃષ્ણને રડતા જોઇને પટરાણીઓ ગંભીર થઇ. એમને થયું મિત્રના દુઃખને જોઇને રડે છે. પણ ના, આ આંસુ એના ન હતા**

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

સુદામા જેવો સમૃધ્ધ ઋષિ કોઇ નથી. શુકદેવજી કહે જે મળે એમાં સંતોષ માનનારો, ક્યારે કોઇ માંગણી નહીં. હાથમાં માળા લઇ ગાયત્રીનો જપ કરે. સંધ્યા વંદન ને હોમ. અયાચક, તેજસ્વી બ્રાહ્મણ.

બ્રાહ્મણ-ઓજસ્વી, વર્ચસ્વી, તેજસ્વી ને તપસ્વી હોવો જોઇએ. સુદામાદેવમાં આ બધા ગુણ છે. ઇન્દ્રિયોનો સંયમી, કોઇ દિ' કોઇના પર ગુસ્સો ન કરનારો, પ્રશાંત. ભગવાન શાંત છે. શાંતને ક્યારેક ક્યારેક ગુસ્સો આવે, કરવો પડે. ભગવાનના ભક્ત પ્રશાંત છે. જુઓ ભગવાનને ગુસ્સો આવ્યો હિરણ્યકશિપુ પર તો નૃસિંહનું રૂપ લઇ ફાડી નાંખ્યો. હિરણ્યકશિપુને! પણ પ્રહલાદ પર એના બાપે આટઆટલા અત્યાચાર કર્યા પણ પ્રહલાદને ગુસ્સો ન આવ્યો. ભગવાન પાસે પાછો માંગે કે મારા બાપને માફ કરી દો. એ તો પ્રહલાદ જેવા દીકરા થાય એટલે એનો ઉધ્ધાર થાય જ. આગલીપાછલી કેટલી પેઢી તારી દે! સુદામા પ્રશાંત છે. સુદામાનું ચરિત્ર એવું છે કે દ્વારકાનાથ એના પર ઓળઘોળ થઇ ગયા. સુદામાને જોતાની હારે જે દોટ મૂકી તે અમથી

'જિન કી સહજ શ્વાસ શ્રુતિ ચારિ સો હરિ પઢે યહ કૌતુક ભારી.'

છતાંય શ્રીરામ ગુરુ ગૃહ ગયે પઢન રઘુરાય અલપ કાલ વિદ્યા સબ પાઇ.' શ્રીરામનું ચરિત્ર શાંત, સરળ પણ શ્રીકૃષ્ણનું ચરિત્ર નાનપણથી જ તોફાની અને ઉધમી પણ જ્ઞાન સ્વરૂપ શીખવેલું. ભૂલી ગયો કૃષ્ણ તારુ શું થશે. કૃષ્ણ રાજી થાય કે આ મારો કેટલો પ્રેમ, કેટલી ચિંતા કરે. સુદામા પ્રત્યે આટલો આદર અને સ્નેહ. વળી ગુરુ પણ કહે કે સુદામા આ કૃષ્ણને શીખવી દેજે. પાઠ સમજાવી દેજે. સુદામા કહે જે આજ્ઞા ગુરુજી.

( પૂ. રમેશભાઇ ઓઝા (પૂ. ભાઇશ્રી)ના સત્સંગને આધારે)